188

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલટ લાયસન્સ/ટ્રેઈની પાઈલટની તાલીમ માટે નાણાંકીય લોન આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૯૭/ન.બા.પ/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 6 JUL 2001

વંચાણે લીધા :- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકનો ઠરાવ, તા.૨૦-૩-૯૯

ઠરાવ:-

ઉપરોકત વંચાણે લીધેલ આ વિભાગના તા.૨૦-૩-૯૯ ના ઠરાવથી રાજ્યના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલટ લાયસન્સ/ટ્રેઈની પાઈલટની તાલીમ માટે રૂ.૨.૦૦ લાખની વાર્ષિક ૪%વ્યાજના દરે લોન આપવાની યોજના અમલમાં છે. હાલમાં પાઈલટની તાલીમ મેળવવામાં મોંઘવારીના કારણે ખર્ચ વધી જવાથી આ ખર્ચને પહોંચી વળવા ઉમેદવાર દીઠ કોમર્શીયલ પાઈલટ લાયસન્સ/ટ્રેઈની પાઈલટની તાલીમ માટે રૂ.૪.૦૦ લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવાની બાબત વિચારણા હેઠળ હતી.પુંખ્ત વિચારણાને અંતે આ યોજના અંતર્ગત રૂ.૨.૦૦ લાખની લોનના બદલે તે રકમ વધારીને રૂ.૪.૦૦ લાખ ની લોન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.પ્રસ્તુત યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા.૧૯-૪-૨૦૦૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મા.નાયબ મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સર્વે નાયબ નિયામકશ્રી (વિ.જા.)
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)
નાણાં વિભાગ 'ક' શાખા, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
પેએન્ડ એકાઉન્ટસ ઓફિસર, ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, ગાંધીનગર.
બ–શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઈલ.
૧૧૯૭અ